
# આઈઆઈટીમાં કોરોના વાઈરસ બ્રેક દરમિયાન 'પ્રોજેક્ટ આઈઝેક' શરૂ કરાયો

ગાંધીનગર, તા. ૨૬
ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)એ કોરોના વાયરસને કારણે તેમના રૂમ્સ અથવા ઘરોમાં સીમિત થઈ ગયેલા તેના વિદ્યાર્થીઓની કુશળતા વધારવા માટે અને તેમને સર્જનાત્મક પ્રોજેક્ટ્સમાં વ્યસ્ત રાખવા માટે 'પ્રોજેક્ટ આઈઝેક' શરૂ કર્યો છે.

આ પ્રોજેક્ટ સર આઈઝેક ન્યુટન દ્વારા પ્રેરિત છે, જેમને ૩૫૦ વર્ષ પહેલા ૧૬૬૫માં લંડનના ગ્રેટ પ્લેગના કારણે, કેમ્બ્રિજની ટ્રિનિટી કોલેજ દ્વારા તે જ રીતે ઘરે મોકલવામાં આવ્યા હતા. આ વર્ષ દરમિયાન, કેટલીકવાર જેને "અજાયબીઓનું વર્ષ" તરીકે વર્ણવવામાં આવે છે, ૨૨ વર્ષીય કોલેજના વિદ્યાર્થી ન્યુટને, પ્રારંભિક કેલ્ક્યુલસ તથા ઑપ્ટિક્સ અને ગુરુત્વાકર્ષણના તેમના સિદ્ધાંતો સહિત તેમની કેટલીક મહત્વની શોધોનો વિકાસ કર્યો હતો.

આઈઆઈટી ગાંધીનગર દ્વારા 'પ્રોજેક્ટ આઈઝેક' આઈઆઈટી ગાંધીનગરના વિદ્યાર્થીઓને આશ્ચર્યજનક અને મહત્વાકાંક્ષી વસ્તુઓ પ્રાપ્ત કરવા મહત્વાકાંક્ષી સ્વપ્નો જોવા માટે પ્રેરિત કરવાનો પ્રયત્ન કરે છે. તેઓને લેખન, પેઈન્ટિંગ, કોડિંગ, સંગીત, સર્જનાત્મક અભિવ્યક્તિ અને તેવી ઘણી નવી કુશળતા કેળવવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવે છે, જે વ્યાવસાયિક સફળતા માટે વધુને વધુ મહત્વના બનતા કોશલ્યો છે. અત્યાર સુધીમાં આઈઆઈટી ગાંધીનગરના લગભગ ૪૦ ટકા વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહ્યા છે, જે સંપૂર્ણ સ્વૈચ્છિક છે.

આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો. સુધિર કે જૈને જણાવ્યું કે, "પ્રોજેક્ટ આઈઝેક અમારા વિદ્યાર્થીઓને કોરોનાવાયરસ રોગચાળાની વચ્ચે










પણ મહત્વાકાંક્ષી અને આશ્ચર્યજનક વસ્તુઓ કરવા પ્રેરવા માટે ૧૬૬૫માં લંડનના ગ્રેટ પ્લેગ દરમિયાન વિદ્યાર્થી તરીકે આઈઝેક ન્યૂટનના ઉત્સાહપૂર્ણ ઉદાહરણમાંથી પ્રેરણા લે છે, જેઓ આજકાલ ૩૫૫ વર્ષ પહેલા જેમ ન્યૂટન બંધાયેલા હતા તેમ બંધાયેલા છે. અમને ગૌરવ છે કે અમારી વિદ્યાર્થી સંસ્થાના ૪૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓ આ સ્વૈચ્છિક પ્રોજેક્ટ્સમાં ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે અને અપેક્ષા છે કે તે પ્રમાણ વધતું રહેશે. અમે આ મુશ્કેલ સમયગાળામાંથી વ્યક્તિઓ અને સમુદાય તરીકે વધુ મજબૂત અને ઉત્તમ બનીને બહાર આવવા માંગીએ છીએ."

પ્રોજેક્ટ આઈઝેક હેઠળ, સંસ્થાએ આઈઆઈટી ગાંધીનગરના વિદ્યાર્થીઓને માટે નેતૃત્વ, કોડિંગ, સર્જનાત્મક અભિવ્યક્તિ અને લેખનની આસપાસના દૈનિક ઈનામો અને પુરસ્કારો સાથે અનેક આકર્ષક અને મનોરંજક સ્પર્ધાઓ રજૂ કરી છે. એકવાર વિદ્યાર્થીઓ આ સમયગાળા દરમિયાન વિકસિત તેમના રચનાત્મક વર્ક-પ્રોડક્ટ્સનું પ્રદર્શન કરવા માટે કેમ્પસમાં પાછા આવે ત્યારે 'પ્રોજેક્ટ આઈઝેક શોકેસ' એક મોટી ટેલેન્ટની સ્પર્ધામાં પરિવર્તિત થશે.

પ્રોજેક્ટ આઈઝેક વિશ્વવ્યાપી શૈક્ષણિક સંસ્થાઓ માટે રોગચાળાની વચ્ચે વિદ્યાર્થીઓને જોડાવવા માટેની રીતોનું શોધવા માટેનું એક મોડેલ છે. હકીકતમાં, આઈઆઈટી ગાંધીનગરના ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વિશ્વભરની શૈક્ષણિક સંસ્થાઓના લોકોએ આ પ્રેરણાદાયી પ્રોજેક્ટ વિશે ઉત્સાહ વ્યક્ત કર્યો છે અને ક્વોરેન્ટાઇન રિવ્યુઝ જેવી કેટલીક સ્પર્ધાઓ જોઈ રહ્યા છે. આઈઆઈટી ગાંધીનગરે તેના પૂર્વ વિદ્યાર્થીઓ માટે પ્રોજેક્ટ આઈઝેક શોકેસમાં એક હરીફાઈ પણ બનાવી છે.

## જન્મદિને વધામણી


ભારતી પટેલ
મો. ૭૬૯૮૨ ૮૧૬૧૨


કૃપાલી પરમાર


મિતુલ જોષી
મો. ૯૮૭૯૫ ૩૮૭૯૬


પર્વ ધવલ પટેલ


કથન હાર્દિક દરજી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# આવો, સૌ રાષ્ટ્રધર્મ બજાવીએ










ગાંધીનગર, તા. ૨૬
સ્વર્ણ ભારત પીપલ ફોર હ્યુમેનિટી, એનીમલ એન્ડ એન્વાયરમેન્ટ સંસ્થા દ્વારા ગાંધીનગર ખાતે સરકાર દ્વારા જયારે ૨૧ દિવસનો લોકડાઉન કરવામાં આવ્યો છે. તે લોકડાઉન પીરીયડને રાષ્ટ્રધર્મ સમજી આપણે સંપૂર્ણપણે પાલન કરવું આપણા માટે, આપણા કુટુંબીજનો માટે અને આપણા રાષ્ટ્રમાટે ખુબ જ જરૂરી છે.

આપણી એકલ-દોકલ વ્યક્તિની ભૂલ હજારો લોકોને વાયરસના ઝપેટમાં લાવી શકે છે. રાષ્ટ્રધર્મ નિભાવતા સાથે સાથે ચૈત્રી નવરાત્રી ચાલી રહી છે, માતાજીની આરાધાનાનો સમય પણ છે. સ્વર્ણ ભારત સંસ્થા પીએમની અપીલને ધ્યાને રાખીને જે પક્ષીઓ, શેરીઓમાં ફરતા નિરાધાર કૂતરાઓ, જે ભયંકર મહામારીના કારણોસર લોકો ઘરથી ન નિકળતા હોવાથી ભૂખ-તરસનો શિકાર બને છે. તેઓને પણ જીવ છે. અને તે જીવો માનવ-સહારાને ઉપર આશ્રિત છે.



સ્વર્ણ ભારતના ઉપપ્રમુખ જાહલ રુડાચ ચારણ દ્વારા શહેરની ગલીઓમાં જયાં રખડતા કૂતરાઓ દેખાય છે ત્યાં બિસ્ટીક તેમને નાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત અન્ય જાનવરો વાંદરાઓને બ્રેડ અને કેળાનું આપવામાં આવ્યા હતા. આ કાર્ય જયં સુધી લોકડાઉન ચાલુ રહેશે ત્યાં સુધી સંસ્થા દ્વારા ચાલુ રહેશે.

# ઔષધીય વનસ્પતિ બોર્ડની લોકજાગૃતિ તથા કાચા માલ સુનિશ્ચતતા હેતુ પ્રચાર-પ્રસાર માધ્યમોનો ઉપયોગ

ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ, ગાંધીનગરનું મિશન રાજયમાં ઔષધીય વનસ્પતિઓના સંરક્ષણ, વ્યવસ્થાપન અને ટકાઉ વિકાસ થાય તે છે. બોર્ડનું ધ્યેય છે કે ઔષધીય વનસ્પતિ આધારીત કાચા માલની માંગને પહોંચી વળવા




તેના સંરક્ષણ, વ્યવસ્થાપન અને ટકાઉ વિકાસ થકી તેની ઉપલબ્ધતા ઉભી કરવી.

આયુષ ફાર્મસીના વ્યવસાયિક ઉપયોગ તથા પરંપરાગત ચિકિત્સકો જેવા કે વૈદ્ય, ભગત, હકીમ એટલે કે પરંપરાગત ઉપયોગ અને જનોના સામાન્ય ઘરગથ્થુ ઉપચાર એટલે કે ઘરગથ્થુ ઉપયોગ માટે ગુણવત્તાસભર ઔષધીય વનસ્પતિઓના કાચા માલની સુનિશ્ચિતતા કરવી એ બોર્ડનું મુખ્ય ધ્યેય છે. ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ દ્વારા પ્રચાર-પ્રસાર-પ્રકાશન માધ્યમોનો સઘન ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બોર્ડ દ્વારા ઔષધીય વનસ્પતિ બનાવટ અને તેના ઉપયોગ તથા ઔષધીય ઉદ્યાન (હર્બલ ગાર્ડન) એમ બે માહિતીસભર પુસ્તિકાઓ પ્રકાશિત કરવામાં આવેલ છે. ઔષધીય વનસ્પતિ બાબતે શાળાના વિદ્યાર્થીઓમાં જાગૃતતા લાવવાના કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓને ઔષધીય વનસ્પતિની પ્રાથમિક માહિતી સહિતની એક નોટબુક ગુજરાતી તથા અંગ્રેજ માધ્યમમાં ઉપયોગી બને તે મુજબ પ્રકાશિત કરવામાં આવેલ છે અને વિદ્યાર્થીઓને તેનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. સરકારી કચેરીઓ, સંસ્થાઓ, બોર્ડ વગેરે માટે ઔષધીય વનસ્પતિ ઉદ્યાન વિષયની એક સુંદર કોફી ટેબલ બુક પણ તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૦ માટે શરીરના વિવિધ અંગો માટે ઉપયોગી ઔષધીય વનસ્પતિઓની ચિત્ર માહિતી સાથેનું ટેબલ કેલેન્ડર પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે.

બોર્ડની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપતી પત્રિકામાં તેના મિશન, વિઝન, ધ્યેય, હેતુ ઉપરાંત યોજનાના ઘટકો તથા નાણાંકીય ધોરણો, હર્બલ ગાર્ડન વૃદ્ધિ તથા લણણી પછીના વ્યવસ્થાપન અને મુલ્યવર્ધનની સમજ, અંદાજીત ખર્ચ તથા સ્વીકૃત સહાયની સમાવેશ કરેલ છે.

સરગવો, આમળા, કુંવારપાઠું, ઈસબગુલ, લીંડીપીપર, અશોક, ચંદન, ડોડી, ગુગળ, ગળો, સફેદ મુશળી જેવી ઔષધીય વનસ્પતિની જાતો કે જેની ખેડૂતો દ્વારા ખેતી કરવામાં આવે છે. તેની ઓળખ, ઉપયોગિતા, બજાર માંગ કે વેચાણ-ભાવ તથા ખેતી પદ્ધતિની માહિતી પુરી પાડતી પત્રિકાઓ પણ પ્રકાશિત કરીને લોકોને વિતરણ કરવામાં આવે છે. આજ પ્રમાણે વિવિધ પોસ્ટર્સ, ચાર્ટ અને સાઈન બોર્ડ દ્વારા લોકપ્રચાર-પ્રસાર, જાગૃતિ લાવવાના પ્રયાસો હાથ ધરાયા છે.

આ ઉપરાંત ઓડીયો-વિડીયો માધ્યમો થકી "મેડીસીનલ




પ્લાન્ટસ" વેલ્થ ઈન ગુજરાત" "આપણી ઔષધ આપણું આરોગ્ય કુંવારપાઠું (એલોવેરાની) ખેતી" તથા "મારા નવા મિત્રો" એમ ૩ વીડીઓ સીડી તૈયાર કરવામાં આવેલ છે. ૩૫ જેટલી ઔષધીય વનસ્પતિની જાતોની ટુંકમાં ઓળખ, ઉપયોગની માહિતી આપની ક્વીકીઝ તૈયાર કરીને બોર્ડની વેબસાઈટ તથા યુટ્યુબ પર લોડ કરવામાં આવેલ છે જે સામાન્ય જન જોઈ શકે છે. ઓલ ઈન્ડિયા રેડિયો અને ટેલિવીઝન પર ઈ-ચરક પોર્ટલની જાહેરાત દ્વારા ઔષધીય વનસ્પતિના કાચા માલના લે-વેચ માટે લોકો જાગૃત થાય તથા અવગત થાય તેવા પ્રયાસો હાથ ધરાયા છે.

ડીડી ગિરનારના માધ્યમથી ઔષધીય વનસ્પતિ વિષયક વીડીઓ ફિલ્મો પ્રસારિત કરાવવામાં આવેલ છે. બાયબેક સેટેલાઈટ નેટવર્ક દ્વારા બે કાર્યક્રમો પણ રજુ કરવામાં આવે છે.

મેડીસીનલ પ્લાન્ટ પરચેઝ, મેડીસીનલ ગાર્ડન પ્રોજેક્ટ તથા બાયર-સેલર-ડેટાબેઝ એપ જી.એમ.પી.બી. જેવી ૩ એન્ડ્રોઈડ મોબાઈલ એપ જે ગુગલ પ્લે સ્ટોર મારફતે ડાઉનલોડ થાય તે દ્વારા સમાજના બહોળા વર્ગને ઔષધીય વનસ્પતિના ખરીદ-વેચાણ તથા ઉછેર લગતી બાબતોમાં બોર્ડ સાથે સંપર્કમાં આવે તેવું નેટવર્ક સ્થાપના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

સમયાંતરે નિયમિત રીતે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે સેમીનાર, વર્કશોપ્સ, તાલીમો વગેરેની સમાચાર માધ્યમોમાં પ્રેસ નોટ તથા માહિતી લેખો અપાય છે.

આમ, બોર્ડ દ્વારા પ્રચાર-પ્રસાર-પ્રકાશનના વિવિધ માધ્યમો કે જેમાં સમાચારપત્રો, રેડિયો, ટેલીવીઝન અને યુટ્યુબ તથા સોશીયલ મીડીયાના વોટ્સસપ, ફેસબુક, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ માધ્યમોનો ઉપયોગ કરીને લોકોને જાગૃત કરવા તથા જોડવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

# કોરોના વર્સિસ કરૂણા

હજી ગઈકાલની જ વાત છે. હું અને મારા એક મિત્ર કારમાં જઈ રહ્યા હતા. એ.સી. સામાન્યતઃ ચાલુ હતું એટલે કારના વિન્ડો ગ્લાસીસ બંધ હતાં. બેસતાંની સાથે સાથે જ મિત્ર એ કારના વિન્ડો ગ્લાસીસ ખોલવા લાગ્યા. મને આશ્ચર્ય થયું, એમના પાસેથી કારણ સાંભળીને વધુ આશ્ચર્ય થયું. કારણ હતું કે અંદર જો કોઈ કોરોના વાયરસ હોય તો તે હવા દ્વારા બહાર નીકળી જાય. મેં હસતાં હસતાં લોજિકલ દલીલ કરી કે ગાડીના કાચ ખુલ્લા રાખવાથી અંદરના વાયરસ બહાર નીકળી જાય એ વાત તો જાણે સમજ્યા પણ બહાર ના વાયરસ અંદર પણ આવી તો શકેજ ને?

મિત્ર બિચારા કન્ફયુઝ થઈ ગયા. આખરે અડધી બાજુના કાચ બંધ કરવા એવા દ્રઢ આગ્રહ સાથે તેમણે મારી સાથે મુસાફરી કરી. બહુ સંકોચ સાથે કહું છું કે એ મિત્ર એમ.ડી. ફિઝિશિયન છે.

આવો જ બીજો એક બનાવ એક અધિકારી મિત્રના ઘરમાં બન્યો. મેં જોયું કે તે એક સાથે બે-ત્રણ સેનેટાઈજર ની બોટલો રાખતા હતાં .કારણ પૂછતાં ખબર પડી કે એક સેનેટાઈઝરથી બીજા સેનેટાઈઝર ની બોટલ બહારથી બરોબર સાફ કરી દેતા અને તે બોટલ જંતુમુક્ત થાય પછી જ તેઓ ચોખ્ખી થયેલી બોટલ જ ઉપયોગમાં લેતા હતાં.



ખતરનાક ખોફ પ્રસરી ચૂક્યો છે ચોતરફ.

બંધ..... બંધ..... બંધ. બધું બંધ.

સ્કૂલો બંધ ,મોલ બંધ, બજારો બંધ, આવન-જાવન બંધ. બધું બંધ થતું હોત તો જાણે ગંગા નાહયાં પણ બધું ક્યાં બંધ થાય છે? આજેય પૂરજોશમાં ચાલુ છે... વોટ્સએપ... ટીવી ચેનલ્સ.... કોરોનાની વાતો ...બીહામણા ફોનકોલ્સ ... ડરામણા વિચારો. બધા વાયરસ થી ડરે છે .બધા જોખમોથી ડરે છે.

બધા એકબીજા થી ડરે છે. વોટ્સઅપ યુનિવર્સિટીના જણાવ્યા મુજબ તમારી આસપાસ જે માણસો ફરે છે તેમને અત્યાર સુધીમાં તો ચેપ લાગી ચૂક્યો હશે. આમ જુઓ તો તમને પણ ખબર નથી કે તમારી સાવ નજીક રહેલી વ્યક્તિ એ માત્ર વ્યક્તિ નથી જીવતો બોમ્બ છે ..જીવતો બોમ્બ.

(કોઈએ પોતાના પત્ની તરફ આંગળી ચીંધવી નહી)

સતત.. સતત.. કોરોના.. કોરોના

.. કોરોના ચોતરફથી એવું આક્રમણ થયું છે કે ભાગ્યે જ કોઈ વ્યક્તિ હશે જે આજે ભય મુક્ત હશે. કેટલાક વ્યક્તિઓ એ ન્યુઝ પેપર બંધ કરાવી દીધા છે. ક્યાંક પેપર ચોવીસ કલાક તડકામાં સુકવી પછી જ વાંચવું એવી સુફિયાણી સલાહો અપાઈ ગઈ છે.

ડોક્ટર તરીકે, જીવન રક્ષક તરીકે હોઈએ તો પણ ફોન સ્વીચ ઓફ કરી દેવાનું મન થાય એટલી માત્રામાં ફોન કોલ્સ આવતા જાય છે.

તાજેતરમાં કેટલાક મિત્રોએ ફોનમાં પૂછેલા પ્રશ્નોની વણઝાર માંથી થોડાક ફોન કોલ્સના પ્રશ્નો આપની સમક્ષ એક ઝલક સ્વરૂપે રજૂ કરું છું. આમાંના કોઈપણ પ્રશ્નનો જવાબ મને આવડતો નથી જે આપની જાણ સારું.

● ડોક્ટર સાહેબ મારા ચાર માસના બેબી ને સેનેટાઈજર થી નવડાવું તો સારું? બાળકો માટેનું સેનેટાઈજર ક્યાં મળે?નાકમાં સેનેટાઈજર નાં કેટલા ટીપાં નાખી શકાય?

● ડોક્ટર સાહેબ, મારે ગ્લોવ્ઝ પહેરીને રસોઈ કરવી પડે છે તો રબરના ગ્લોવ્ઝમાં ગરમીથી હાથની ચોંટી જાય છે. તો કોરોના ના થાય તે માટે રસોઈ કરતાં કયા ગ્લોવ્ઝ પહેરવાં?

● ગરમ પાણીમાં સેનેટાઈજર નાખી અને એનો નાસ લઈએ તો મારા ફેફસા માં રહેલા કોરોનાનાં જંતુઓ મરી જાય?

● ડોક્ટર સાહેબ,મારો બે માસનો બાબો વારંવાર એનો હાથ એના મોં અને નાક ને અડાડયા કરે છે તો એની સાઈઝ નાના ગ્લોવ્ઝ અને માસ્ક ક્યાં મળે ?

● ડોક્ટર સાહેબ, જિનપિંગ ડેલીગેશન ને રિસીવ કરવા વાળાઓની ટીમમાં હું હતો. મને બે મહિનાથી ઉધરસ છે.તો એમાંથી મને કોરોના તો નહીં થાય ને?

● ડોક્ટર સાહેબ,


પ્રસંગસર
ડો. અનિલ ચૌહાણ

એમેઝોન પરથી મોબાઈલ મંગાવ્યો અને આરોગ્ય વિભાગના વાયરસ ચેતવણી સાંભળી પ્રિકોશન રૂપે બે દિવસ મેં એને ધાબે સુકવવા મુકયો હવે લેવા ગઈ તો મોબાઈલ ફોન ગુમ. તો કમ્પ્લેન કોને કરવી? આરોગ્ય વિભાગને કે પોલીસને?

● ડોક્ટર સાહેબ, આલ્કોહોલથી કોરોના ના જંતુઓ નાશ પામે છે તો દરરોજ નું કેટલું આલ્કોહોલ પીવું તો મને ચેપ ના લાગે ?

● ડોક્ટર સાહેબ, હું યોગા બાબામાં માનું છું ને દરરોજ બે કલાક યોગાસનો કરું છું .

કેટલાંક યોગાસનોમાં બંને પગના પંજા ગરદન પાછળ ગોઠવતા ગોઠવતા નાક અને મોં એ અડવા સંભવ રહે છે તો હું હાથમાં ગ્લોઝ પહેરું છું મારા માપના પગના ગ્લોવ્ઝ મળે? અને ક્યાં ?

મને લાગે છે કે આવા ને આવા જ ફોન કોલ્સ જ ચાલુ રહયાતો થોડાક જ સમયમાં ડોક્ટરી લાઈન છોડીને વુહાન સીટીના સ્નેક હીલ પરના યલો કેન ટાવરની ૧૬૮ ફીટની ઊંચાઈ હતી નીચે ભૂકો મારવાનું મન થઈ આવશે એટલું ચોક્કસ.

એવું નથી લાગતું કે આપણે કોરોના ને માનસિક રોગ થઈ જાય એટલી હદે ગંભીરતાથી લઈ લીધો છે?

ગાંધીનગરમાં એક વ્યક્તિને કોરોના પોઝિટિવ આવ્યો એમણે મોલ સહિત અનેક જગ્યાઓની મુલાકાત લીધી હતી તો તે બધાને કોરોના નો રોગ થશે? જવાબ સ્પષ્ટ અને અધિકૃત છે ... ના વિશ્વ આરોગ્ય સંસ્થાએ મજાની વાત વિશ્વ સમક્ષ મૂકી છે એ કે આ વાયરસ હવા દ્વારા ફેલાતો નથી. માત્ર છીંક અને અને ઉધરસથી ઉડતા છાંટા દ્વારા (અમી છાંટણા દ્વારા) આ ચેપ ફેલાય છે . આ છાંટણા સામાન્ય રીતે એક મીટરના અંતર સુધી પ્રસરતા હોય છે.આ છાંટાથી સીધેસીધો અથવા તો આપના હાથ દ્વારા આપના નાક અને મોં સુધી આ વાયરસ પહોંચે છે અને ત્યાંથી શ્વસનતંત્રમાં પ્રવેશે છે આટલું થાય તોજ આ રોગ થવાની શક્યતા ઊભી થયેલી ગણાય. પાછી એક સ્પષ્ટતા કરવી જરૂરી છે કે અહીં પણ 'શક્યતા' શબ્દ છે . એપીડેમીઓલોજીકલ ટ્રાયેડ અનુસાર ભોગ બનનાર વ્યક્તિ નબળો હોય અને જંતુ સશક્ત હોય અને વાતાવરણ ફેવરેબલ હોય તો જ આ રોગ થાય છે બાકી વુહાન મા પણ સેંકડો લોકો એવા છે કે જેમને કોરોના નથી થયો.

એક દીવાસળીની સળી આખા માણસને સળગાવી શકે છે તેમ છતાં તમારા ઘરમાં એક ડઝન મેચ બોક્સ પડ્યા છે.

એક ચપ્પુથી અનેક વ્યક્તિઓની હત્યા થઈ શકે છે તેમ છતાં તમારા કિચનમાં આજે ચાર પાંચ ધારદાર ચપ્પા પડયા છે .

સવાલ દીવાસળીથી ડરવાનો કે ચપ્પાથી ડરવાનો નથી માત્ર એના સબંધે સલામતી અને સતર્કતા રાખવાનો છે બસ આવું જ કંઈક કોરોનાનું છે

આ રોગ પાન એન્ડેમીક એટલે કે વિશ્વના અનેક દેશોમાં ફેલાયેલો છે. તેનાથી થતાં નુકસાન કરતાં પણ અનેકગણું નુકસાન આ રોગનો ભયથી ફેલાઈ રહયું છે. માણસો પીડાઈ રહ્યા છે. ભૂખ નથી લાગતી કેટલાક અડધી રાત્રે પણ ઝબકીને જાગી જાય છે. ટી.વી. ચેનલો ફેરવ્યા કરે છે. વોટ્સઅપમાં માં ચાઈના ના વિડીયો જોતા જોતા ડર્યા કરે છે.

વાચક મિત્રો ને માત્ર એટલી જ વિનંતીકે આપણે આપણી તમામ દરકાર રાખીએ સરકારની તમામ સૂચનાઓનું સંપૂર્ણ પાલન કરીએ. રોગથી આપણે આપણી અને અન્યની જાતને બચાવીએ, પણ નાસીપાસ થઈ એ નહીં. ડરીયે નહીં.

એક ડૉક્ટર તરીકે કોરોના વર્સીસ કરુણાની વાત કરું તો એ યાદ રાખજો કે અંતે તો ઈશ્વરની કરુણાનો જ વિજય થવાનો છે. વિશ્વ અત્યાર સુધી ફ્લુ, સ્પેનિશ ફ્લુ, સ્વાઈન ફ્લૂ,સાર્સ, મીઝલ્સ, શીતળા, અરછબડા જેવા અનેક પેન્ડેમીક રોગોનો સામનો કરી ચૂક્યું છે. કોલેરાથી લઈ કોરોના સુધી અનેક રોગોએ આજ સુધી આ વિશ્વની માનવ જાતને ભરડો લેવાનો પ્રયત્ન કર્યો છે પણ છેલ્લે ઈશ્વરીય શક્તિ આગળ રોગો હારી ગયા છે. આજે સતર્કતા ચોક્કસ રાખીએ પણ એ ચોક્કસ માનજો કે વિજય તો કોરોનાનો નહીં - કરુણાનો, ઈશ્વરીય કરુણાનો જ થવાનો છે.

**શોર્ટ સર્કિટ :**

● કોરોનાને કારણે આજ સુધીમાં કુલ મૃત્યુ અધધ ....૨૧,૮૦૦

● ટીબીના કારણે ગત વર્ષે એક જ વર્ષ ૨૦૧૮ માં માત્ર ૧૫ લાખ લોકો મૃત્યુ પામ્યા હતા..

બિલિવ ઈટ ઓર નોટ.